# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેના પ્રચાર પડઘમ આજે શાંત થયા
2. 9 રાજ્યો અને 3 કેન્દ્ર શાસિત પ્રદેશમાં આજથી મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા શરૂ
3. છત્તીસગઢના બિલાસપુરમાં બે ટ્રેન વચ્ચેના અકસ્માતમાં ચારનાં મોત- 20 લોકો ઘાયલ
4. વાવાઝોડા મેલિસા બાદ ભારતે જમૈકા અને ક્યુબાને 20 ટન જેટલી માનવતાવાદી સહાય મોકલી
5. ICC એ ટુર્નામેન્ટની મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ટીમની જાહેરાત કરી- ભારતની સ્મૃતિ મંધાના, જેમીમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માનો સમાવેશ

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## EVE BIHAR FIRST PHASE (WITH V/C)

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થઈ ગયો. પ્રથમ તબક્કામાં, 18 જિલ્લાઓની 121 વિધાનસભા બેઠકો પર 6 નવેમ્બરે મતદાન યોજાશે. પ્રથમ તબક્કા દરમિયાન કુલ એક હજાર 314 ઉમેદવારોનું રાજકીય ભાવિ ત્રણ કરોડ 75 લાખથી વધુ મતદાતાઓ દ્વારા નક્કી કરાશે.

-------------

## PM-MERA BOOTH

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAને જંગી જીત મળશે. તેમણે આજે મેરા બૂથ સબસે મઝબૂત કાર્યક્રમ હેઠળ બિહારમાં મહિલાઓ સાથે વાતચીત કરતી વખતે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, બિહારના લોકોએ મન બનાવી લીધું છે કે આ વખતે NDAની જીત છેલ્લા 20 વર્ષનો રેકોર્ડ તોડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ફક્ત NDA જ બિહારનો વિકાસ કરી શકે છે.

-------------

## LALLAN- FIR

બિહારમાં, જનતા દળ યુનાઇટેડ-JDUના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન ઉર્ફે લાલન સિંહ વિરુદ્ધ આજે મોકામામાં આદર્શ આચારસંહિતાના કથિત ઉલ્લંઘન બદલ FIR નોંધવામાં આવી છે. પટનાના જિલ્લા મેજિસ્ટ્રેટ-કમ રિટર્નિંગ ઓફિસર દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જિલ્લા વહીવટીતંત્રે સર્વેલન્સ ટીમ દ્વારા રેકોર્ડ કરાયેલા વિડીયો ફૂટેજનું વિશ્લેષણ કર્યું છે. તપાસ કર્યા બાદ, કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ વિરુદ્ધ BNS અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની સંબંધિત કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે.

અગાઉ, ચૂંટણી પંચે પણ મોકામામાં કથિત ટિપ્પણી બદલ લાલન સિંહને નોટિસ પાઠવી હતી અને 24 કલાકની અંદર જવાબ માગ્યો હતો. અહેવાલો અનુસાર, લાલન સિંહનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તે વિપક્ષી મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવા વિશે બોલતા જોવા મળે છે.

-------------

# REV. SIR PHASE 2-LAUNCH

ભારતીય ચૂંટણી પંચ દ્વારા આજે વિશેષ સઘન સુધારણા-SIR કવાયતનો બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. આ કવાયત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લે છે જ્યાં કુલ મતદારોની સંખ્યા લગભગ 51 કરોડ છે. મતદાર યાદી સુધારણા 7 ફેબ્રુઆરી, 2026 ના રોજ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે સમાપ્ત થશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : NIKHIL)

-------------

## CHHATISGARH TRAIN ACCIDENT

છત્તીસગઢના બિલાસપુર શહેર નજીક આજે સાંજે એક ટ્રેન અકસ્માત થયો. લાલખાદન નજીક એક પેસેન્જર ટ્રેન માલગાડી સાથે અથડાઈ. ઘટનાસ્થળેથી અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં 20 લોકો ઘાયલ થયાની આશંકા છે. રેલવે, જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

-------------

## VP KERALA VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે જણાવ્યું હતું કે ભારત વર્ષ 2047 સુધીમાં એક વિકસિત ભારત બનવા તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં ગરીબો સહિત દરેક નાગરિકને શ્રેષ્ઠ આરોગ્યસંભાળ સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઈએ.

તિરુવનંતપુરમમાં શ્રી ચિત્રા તિરુનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ સાયન્સિસ એન્ડ ટેકનોલોજી ખાતે એક સભાને સંબોધતા, શ્રી રાધાકૃષ્ણને કહ્યું, રાષ્ટ્રીય પ્રગતિ માટે સંપત્તિનું નિર્માણ જરૂરી છે અને તેના લાભો દૂરના

વિસ્તારોના લોકો સુધી પહોંચવા જોઈએ. ઉપરાષ્ટ્રપતિએ, શ્રી ચિત્રાને દેશભરની સરકારી સંસ્થાઓ માટે પ્રેરણા તરીકે વર્ણવી.

-------------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## DAY JAISHANKAR-GIDEON SA'AR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત ગાઝા શાંતિ યોજનાને સમર્થન આપે છે અને આશા રાખે છે કે તે ટકાઉ અને સ્થાયી ઉકેલ માટે માર્ગ મોકળો કરશે. નવી દિલ્હીમાં ઇઝરાયલના વિદેશ મંત્રી ગિડીઓન સા'આર સાથેની મુલાકાત દરમિયાન તેમના પ્રારંભિક ભાષણમાં, ડૉ. જયશંકરે કહ્યું કે ભારત અને ઇઝરાયલ બંને આતંકવાદના ખાસ પડકારનો સામનો કરી રહ્યા છે, અને તે જરૂરી છે કે બંને રાષ્ટ્રો આતંકવાદના

તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાના વૈશ્વિક અભિગમને સુનિશ્ચિત કરવા માટે કામ કરે.

ઇઝરાયલી વિદેશ મંત્રી અને પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા, ડૉ. જયશંકરે ઉમેર્યું હતું કે ભારત અને ઇઝરાયલ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી છે અને બંને રાષ્ટ્રો કસોટીના સમયમાં સાથે ઉભા રહ્યા છે અને ખૂબ જ ઉચ્ચ સ્તરના વિશ્વાસ સાથે સંબંધ બનાવ્યો છે.

-------------

## INDIA-HADR JAMAICA

વાવાઝોડા મેલિસા બાદ ભારતે જમૈકા અને ક્યુબાને માનવતાવાદી સહાય મોકલી છે. આજે નવી દિલ્હીથી જમૈકા અને ક્યુબાને અંદાજે 20 ટન જેટલી માનવતાવાદી સહાય મોકલવામાં આવી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેનાના વિમાનો આરોગ્ય મૈત્રી ભીષ્મ ક્યુબ, પુનર્વસન સહાયક વસ્તુઓ, ખોરાક અને દૈનિક ઉપયોગિતાઓ, દવાઓ, તબીબી ઉપકરણો, પાવર જનરેટર, આશ્રય સહાય અને સ્વચ્છતા કીટ સહિતની સહાય સાથે રવાના થયા. તેમણે ઉમેર્યું હતું કે આવી કુદરતી આફતોનો સામનો કરવા માટે ભારત તેના ગ્લોબલ સાઉથ ભાગીદારો સાથે ઉભું છે.

-------------

## GST REFORM- APPAREL AND FOOTWEAR

22 સપ્ટેમ્બરના રોજ દેશભરના નાગરિકોને ફાયદો પહોંચાડતી અનેક વસ્તુઓ પર GST ઘટાડવા સાથે GST બચત ઉત્સવની શરૂઆત થઈ. આજે, વસ્ત્ર અને ફૂટવેર ક્ષેત્રમાં નવા GST દર નાગરિકોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તેના પર અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(વોઇસ કાસ્ટ : **મયુર સોલંકી**)

*(યુવા ઉત્પાદકો પરનો બોજ ઓછો કરવાના હેતુથી કરવામાં આવેલા આગામી પેઢીના GST સુધારાઓએ ઉત્પાદનને વધુ ખર્ચ-અસરકારક બનાવ્યું છે, અને ફૂટવેર ગ્રાહકો માટે વધુ પોસાય તેવા બન્યા છે. નવા કર માળખા હેઠળ, ચામડાના રેસામાંથી બનેલા કમ્પોઝિશન લેધર અને ટેનિંગ અથવા ક્રસ્ટિંગ પછી તૈયાર કરાયેલા ચામડા પર GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો છે. તેવી જ રીતે, પ્રતિ જોડી 2 હજાર અને 500 રૂપિયા સુધીના ફૂટવેર હવે અગાઉના 12 ટકાને બદલે ફક્ત 5 ટકા GST લાગે છે, જેના કારણે યુવા અને મધ્યમ આવક ધરાવતા ગ્રાહકો માટે સ્ટાઇલિશ અને ટકાઉ ફૂટવેર વધુ સુલભ બને છે. દરમિયાન, 2,500 રૂપિયા પ્રતિ પીસ સુધીના રેડીમેડ કપડાં માટે GST ઘટાડીને 5 ટકા કરાયો છે. ભાનુ પ્રતાપ સિંહના અહેવાલ સાથે મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

-------------

## WOMEN'S WORLD CUP TEAM

દક્ષિણ આફ્રિકા સામે ભારતની ઐતિહાસિક જીત બાદ ICC એ ટુર્નામેન્ટની મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ટીમની જાહેરાત કરી છે, જેમાં ત્રણ

ભારતીય સ્ટાર્સ, સ્મૃતિ મંધાના, જેમીમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માનો સમાવેશ કરાયો છે.

ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન, ભારતની ઉપ-કપ્તાન, મંધાનાએ 54.25 ની સરેરાશથી 434 રન બનાવીને પ્રભાવિત કર્યા, જેમાં ન્યુઝીલેન્ડ સામેની શાનદાર સદીનો પણ સમાવેશ થાય છે. જેમીમા રોડ્રિગ્સે મુખ્ય ઇનિંગ્સ રમી, 58.4 ની સરેરાશથી 292 રન બનાવ્યા, જેમાં સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામેની અણનમ 127 રનની ઇનિંગ્સ સામેલ હતી. પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ, દીપ્તિ શર્મા 22 વિકેટો સાથે ટોચની વિકેટ લેનાર બોલર હતી અને 215 મહત્વપૂર્ણ રન પણ બનાવ્યા હતા, જે દેશની જીત માટે મહત્વપૂર્ણ સાબિત થયા હતા.

-------------

## ICC WOMEN'S ODI RANKINGS

દક્ષિણ આફ્રિકા સામે મુંબઈમાં ઐતિહાસિક વર્લ્ડ કપ વિજયમાં શાનદાર પ્રદર્શન બાદ, ભારતની યુવા સ્ટાર્સ જેમીમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માએ તાજેતરના ICC મહિલા ODI રેન્કિંગમાં મોટો સુધારો કર્યો છે.

સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામેની મેચવિનિંગ સદી બાદ જેમિમાએ પ્રથમ વખત ટોચના 10 બેટ્સમેનોમાં સ્થાન મેળવ્યું, જે કારકિર્દીમાં એક સીમાચિહ્નરૂપ છે. બીજી તરફ, દીપ્તિ નોકઆઉટ તબક્કા દરમિયાન તેના ઓલરાઉન્ડ શાનદાર પ્રદર્શન બાદ ઓલરાઉન્ડરોમાં ચોથા ક્રમે પહોંચી છે.

-------------

# AIR INDIA- FERRY FLIGHT

એર ઇન્ડિયા દિલ્હી જતી ફ્લાઇટ AI174 ના મુસાફરોને લાવવા માટે રાહત ફ્લાઇટ ચલાવી રહી છે, જેને ગઈકાલે મોંગોલિયાના ઉલાનબાતર તરફ વાળવામાં આવી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં, એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે આજે બપોરે દિલ્હીથી રવાના થયેલી ફેરી ફ્લાઇટ આવતીકાલે સવારે અસરગ્રસ્ત મુસાફરો સાથે પરત ફરશે. એર ઇન્ડિયાએ એમ પણ કહ્યું હતું કે સ્થાનિક અધિકારીઓ અને મોંગોલિયામાં ભારતીય દૂતાવાસ સાથે સંકલનમાં, તે મુસાફરો અને ક્રૂની સંભાળ રાખી રહી છે. ગયા રવિવારે યુનાઇટેડ સ્ટેટ્સના સાન ફ્રાન્સિસ્કોથી ઉડાન ભરેલી ફ્લાઇટ AI174 ને શંકાસ્પદ ટેકનિકલ સમસ્યાને કારણે સાવચેતીપૂર્વક લેન્ડિંગ કરવા માટે ઉલાનબાતર તરફ વાળવામાં આવી હતી.

-------------